# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૮૯ વર્ષ - ૧૭ : જૂન–૨૦૧૩

**કારતક વદ ૧૨, બુધવાર તા. ૨૨-૧૧-૧૯૭૮. બહેનશ્રીનાં વચનામૃત–૩૯૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૧૫૮**

**અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડ્યા કરે છે. જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.**

**જ્ઞાનીએ ચૈતન્યમેહલના તાળાં ખોલી નાખ્યા છે. અંદરમાં જ્ઞાન-આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે. ૩૯૧.**



૩૯૧, છે ને ? ૩૯૦ થયો. '**અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે...**' રાગનો કણ–અંશ છે, અંશ એ મારો છે એમ દૃષ્ટિ ત્યાં છે એથી એણે અનંત ગુણથી ભરેલા ભગવાનને તાળાં માર્યા છે. આહા..હા..! ખજાનો ખોલ્યો નહિ. રાગનો કણ પણ ગુણ-ગુણીના ભેદનો જે વિકલ્પ હોય એ પણ રાગ છે, એ ખરેખર તો પુદ્‌ગલ છે. આહા..હા..! એની જેને એકતા (છે), સ્વભાવ ત્રિકાળની સાથે એની એકતાબુદ્ધિ થઈ (નથી), એણે નિજ સમૃદ્ધિથી આનંદ આદિથી ભરેલા ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે. આહા..હા..! આવી વાત છે.

વસ્તુ છે આખી પૂર્ણાનંદ ને અનંત જ્ઞાન આદિ સ્વભાવથી ભરેલી સમૃદ્ધિથી, આદિ શબ્દ છે ને ? એટલે અનંત. જ્ઞાન-આનંદ આદિ એટલે અનંત સમૃદ્ધિથી ભરેલો. આહા..હા..! નિજ ચૈતન્યમહેલને પાછું એમ કે કોઈ બીજાના આત્માને ભગવાનને એમ નહિ, પોતાનો નિજ આત્મ મહેલ. આહા..હા..! અંદર પ્રવેશ કરવો જોઈએ એને ઠેકાણે તાળાં માર્યા. આહા..હા..! બહુ ટૂંકા શબ્દો પણ એકદમ મૂળ મૂળ છે.

કહ્યું ને ? હમણાં ઓલો કાગળ આવ્યો છે કોઈ અર્ધ માગધિનો મોટો પ્રોફેસર છે. અહીં આવ્યો હતો રાજી થયો, બ્રાહ્મણ છે ... એમાં લખે તો નવ પદ ... સુધી અભ્યાસ કર્યો હશે. એમ કે, આ મેં વાંચ્યું છે, આ ભણ્યો છું ને, ગુરુની આવી વાણી હોય. આહા..હા..! વચનામૃતમાં તો એકલા રત્નો ભર્યા છે એમ લખ્યું છે. મોટો પ્રોફેસર અર્ધ માગધિનો. આહા..હા..! હવે હું એ રીતે મારા આત્માને ઉજ્જવળ કરવા પ્રયત્ન કરીશ,

એમ લખ્યું છે. આહા..હા..!

અહીં એ કહે છે, પ્રભુ ! તારું તત્ત્વ જે છે એમાં ન જતા તું બધે તત્ત્વમાં નથી એવા રાગ ને પુણ્ય-પાપ ને બાહ્યમાં એકત્વબુદ્ધિથી સ્વભાવની એકતા તોડી નાખીને રાગની એકતા કરી. આહા..હા..! એ અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન એને તેં તાળાં માર્યા, પ્રભુ ! આહા..હા..! ભલે એ અગિયાર અંગ ભણ્યો હોય. આહા..હા..! અગિયાર અંગમાં તો અબજો, અબજો શ્લોકો પણ એ ભણેલા જ્ઞાનની પર્યાય છે એ તો પરલક્ષી છે. એમાં લીન છે એણે ચૈતન્ય સમૃદ્ધિના તાળાં માર્યા છે. આહા..હા..! રાગ અને પરલક્ષી જ્ઞાન, એની જેને અંતરમાં મહિમા છે એણે ભગવાન અનંત સમૃદ્ધિથી ભરેલો પ્રભુ એને સજ્જડ તાળા માર્યા. આહા..હા..! આવી વાત છે, બહુ ટૂંકામાં.

**'અને પોતે બહાર રખડ્યા કરે છે.'** આહા..હા..! આ શુભ વિકલ્પ ને આ અશુભ વિકલ્પ ને આ ઠીક છે ને આ અઠીક છે. આહા..હા..! પોતાની અનંત અનંત સમૃદ્ધિથી ભરેલો ભગવાન તેના સન્મુખમાં ન જતાં તેનાથી વિમુખ થઈને. આહા..હા..! એ શુભ-અશુભભાવમાં શોધી રહ્યો છે, જાણે આમાં કાંઈક છે, આમાં કાંઈક છે. એમ શાસ્ત્રનું જ્ઞાન કરીને પણ ગોતી રહ્યો છે કે આમાં કાંઈક છે. આહા..હા..! એ બહાર રખડ્યા કરે છે. આ રખડાવ થઈ ગયો છે, કહે છે.

**'જ્ઞાન બહારથી શોધે છે,...'** એટલે જ્ઞાન સ્વરૂપી ભગવાન છે તેનામાં ન જતા જાણે જ્ઞાન બહારથી આવતું હોય શાસ્ત્ર ભણવાથી, સાંભળવાથી. આહા..હા..! ભગવાનની વાણી ને શાસ્ત્રોને સાંભળતા એ જ્ઞાન જાણે બહારથી આવતું હોય. કારણ કે બાહ્યલક્ષી છે ને. આહા..હા..! જ્ઞાન તો અંતરના સ્વભાવમાંથી આવે તેને જ્ઞાન કહીએ. આહા..હા..! **'પોતે બહાર રખડ્યા કરે છે.'** આહા..હા..! વિકલ્પની જાળમાં રોકાયને બહારમાં રખડે છે. આહા..હા..! મહાપ્રભુ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણની સમૃદ્ધિથી ભરેલો ભગવાન તેને જોતો નથી અને આ બહારનું જ્ઞાન અને રાગ એને જોવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? મુદ્દાની રકમની વાત ઝીણી પડે, બાપા ! પ્રભુ ! તું મહાપ્રભુ છો, ભાઈ ! આહા..હા..! એ પ્રભુતાને તેં તાળા માર્યા. આહા..! અને પામર એવા રાગ અને અલ્પ પર્યાય જે છે જાણવાની એને તેં મહત્તા આપી. આહા..હા..!

હવે એ બહાર રખડ્યા કરે છે એની વ્યાખ્યા કરે છે. **'જ્ઞાન બહારથી શોધે છે,...'** જોયું ? પહેલી સાધારણ બે વાત કરી–તાળાં માર્યા ને બહાર શોધે છે હવે બહાર શું ? આહા..હા..! **'જ્ઞાન બહારથી શોધે છે,...'** જાણે વાંચું ખૂબ, સાંભળું ખૂબ તો મને જ્ઞાન થાય. આહા..હા..! જ્ઞાન અંતરમાં સ્વભાવમાં છે એમાં એકાગ્ર થતાં જે જ્ઞાન આવે તે જ્ઞાન છે. એને ઠેકાણે અહીંથી જાણે જ્ઞાન (થાય). રાગ મંદ કરું તો જ્ઞાન થાય. આહા..હા..! અક્ષરના અનંતમાં ભાગે નિગોદના જીવને છે. એ જ્યારે માણસ થાય, આહા..હા..! ત્યારે દિગંબર સાધુ થાય ને અગિયાર અંગનું જ્ઞાન થાય. એ અગિયાર અંગનું જ્ઞાન છે એ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનનું નિધાન, જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય અનંતી અનંતી કાઢ્યા કરે તો ખૂટે નહિ એવું જ્ઞાન નિધાન છે, તેમાંથી જ્ઞાન કાઢતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :– નિધાન દેખે તો કાઢે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– માટે જ કહે છે ને દેખવા જા ને. અહીં ક્યાં પડ્યો છો ? એ માટે જ કહે છે. આહા..હા..! જ્ઞાન જેની જ્ઞાનની પર્યાય છે એને અંદર જ્ઞાનમાં વાળ ને. આહા..હા..! ત્યારે જ્ઞાન થાય. બાકી બહારથી જેટલું ભણતર ને ભણતર એ બધું જ્ઞાન નથી. આહા..હા..! એ ભણતરના જ્ઞાનમાં પણ એકત્વબુદ્ધિ છે એણે જ્ઞાન સ્વરૂપી ભગવાનને તાળાં માર્યા છે. આવી વાત છે. ભાઈ ! 'નાઈરોબી'માં ક્યાંય નથી ત્યાં. આહા..હા..! શાસ્ત્ર બનાવું ને શાસ્ત્ર બહાર પાડું બહુ તો જ્ઞાન મારું બહારમાં પ્રગટે. એ એક બાહ્ય બુદ્ધિ છે. આહા..હા..!

**'જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે,...'** જાણે કે, સ્ત્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, પૈસામાં સુખ છે. અરે..! અશુભભાવમાં સુખ છે અને શુભભાવમાં સુખ છે એમ માની ત્યાં અટકે છે.

આહા..હા..! બે બોલ મુખ્ય લીધા છે. આહા..હા..! **'બધું બહારથી શોધે છે.'** પછી મેળ કર્યો. ઓલો આનંદ આદિ છે ને ? આદિ. આહા..હા..! **'જ્ઞાન બહારથી શોધે છે,...'** બહુ વાંચું ને બહુ ભણું, બહુ સાંભળું તો મને જ્ઞાન થાય. આહા..હા..! આવી વાતું છે.

એમ **'આનંદ બહારથી શોધે છે,...'** આહા..હા..! પૈસામાં સુખ, સ્ત્રીના વિષયમાં સુખ, આબરૂમાં સુખ, બહારથી મારા કોઈ વખાણ કરે તો એમાં સુખ. આહા..હા..! અર..ર..! મારી કોઈ પ્રશંસા કરે ને તો મને ઠીક પડે. આહા..હા..! **'બધું બહારથી શોધે છે.'** જોયું ? ત્રણે આવી ગયું. જ્ઞાન, આનંદ અને બીજા બધા. આહા..હા..! બધું બહારથી શોધે છે. હવે એનો સરવાળો કરે છે. આહા..હા..!

**'પોતે ભગવાન હોવા છતાં...'** સમજાણું કાંઈ ? **'પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.'** પોતામાં બધું પડ્યું છે એવો ભગવાન હોવા છતાં બહારથી કાંઈ મળે એમ ભિક્ષા માગે છે. ભગવાન ભિક્ષા માગે છે. આહા..હા..! ભિક્ષા માગ્યા કરે છે, પાછું ભિક્ષા માગ્યા કરે છે એમ ભાષા છે. ભિક્ષા માગે છે એમ નહિ. ભિક્ષા માગ્યા કરે છે. જ્યારે-ત્યારે બહારથી, બહારથી. ભિક્ષા માગે છે તે એકવચન થઈ ગયું એકવાર. આહા..હા..! **'ભિક્ષા માગ્યા કરે છે.'** આહા..હા..! આ એક પેરેગ્રાફ, હવે એની સામે.

**'જ્ઞાનીએ...'** ધર્મીએ, સમ્યગ્દષ્ટિએ, આહા..હા..! **'ચૈતન્યમહેલના તાળાં ખોલી નાખ્યા છે.'** ઓલા જ્યારે તાળા મારી દીધા છે ત્યારે અહીં ખોલી નાખ્યા છે. આહા..હા..! અનંત ગુણનો પિંડ પ્રભુ, તેની સન્મુખમાં જે એકાગ્રતા થઈ. આહા..હા..! એ રાગની એકતા તૂટી ગઈ અને સ્વભાવની એકતા થઈ (તો) ખૂલી ગયા નિધાન. આહા..હા..! ભલે થોડું જ્ઞાન હોય પણ એ જ્ઞાનને વિજ્ઞાન કહ્યું છે. ૧૪મી ગાથામાં અર્થમાં (છે). અને અજ્ઞાનીનું અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન. આહા..હા..! તે અજ્ઞાન છે અને ધર્મીને દ્રવ્ય સ્વભાવનું-વસ્તુના સ્વભાવનું એકાગ્ર થઈને જે જ્ઞાન થયું છે, ભલે એ થોડું હોય છતાં તે વિજ્ઞાન છે અને ચૈતન્યના એકતાબુદ્ધિના તાળાં ખુલી ગયા છે. આહા..હા..! હવે આવો ઉપદેશ. આહા..હા..!

**'અંદરમાં જ્ઞાન-આનંદ આદિની...'** માથે શબ્દ હતો ને ? **'અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા...'** હવે સવળું આવ્યું. **'અંદરમાં જ્ઞાન ને આનંદ આદિ...'** એટલે બધું આવી ગયું, ઉપર કહ્યું તે. **'અખૂટ સમૃદ્ધિ દેખીને,...'** આહા..હા..! અજાયબ ગુણથી ભરેલું અજાયબઘર. આહા..હા..! એ આવી ગયું છે. આહા..હા..! એને જેણે અંદર જોયો અને અનુભવ્યો. આહા..હા..! એને જ્ઞાન આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, ખૂટે નહિ એવી સમૃદ્ધિ છે. આહા..હા..! ખજાનો છે આખો. આહા..હા..!

**'જ્ઞાન-આનંદ આદિ (એટલે અનંત ગુણો) એની અખૂટ સમૃદ્ધિ દેખીને,...'** આહા..હા..! **'અને થોડી ભોગવીને,...'** આહા..હા..! જાણવામાં-દેખવામાં પૂર્ણ અખૂટ સમાધિ આવી પણ ભોગવવામાં પૂર્ણ અખંડ સમાધિ આવી નથી. આહા..હા..! **'થોડી ભોગવીને,...'** અનંત... અનંત... અનંત ગુણની સમૃદ્ધિના તાળા ખૂલી ગયા પણ ખીલવટમાં જે પર્યાય આવી છે એ તો અલ્પ છે. ત્રિકાળ જે ગુણનો દરિયો ભગવાન, આહા..હા..! એમાંથી એક નમૂનો બહાર આવ્યો. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ શાંતિ, આનંદ એને ભોગવીને. આહા..હા..!

**'તેને પૂર્વે કદી નહોતી અનુભવી...'** આહા..હા..! **'તેને પૂર્વે કદી...'** અહીં ભોગવીને કીધું ને ? અનંત આનંદમાંથી થોડો આનંદ, થોડું જ્ઞાન, થોડું વીર્ય વગેરે ... શુદ્ધ અનંત ગુણની થોડી ભોગવીને, **'તેને પૂર્વે કદી નહોતી અનુભવી...'** અનંત... અનંત... અનંત... અનંત... કાળમાં, પ્રવાહમાં. આહા..હા..! **'એને નહોતી ભોગવી (અનુભવી) એવી નિરાંત થઈ ગઈ છે.'** લ્યો ! સંતોષાય ગયો છે, કહે છે. આહા..હા..! જેને હવે બહારથી કાંઈ જોઈતું નથી. આહા..હા..! અંદરમાં અખૂડ ખજાનો જાણ્યો, જોયો એમાંથી થોડો બહાર અનુભવ્યો. આહા..હા..! **'એવી નિરાંત થઈ ગઈ છે.'** લ્યો ! આ એક પેરેગ્રાફ થયો. ૩૯૧. આહા..હા..!



# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૬૬ના પ્રથમ વચનામૃત ઉપર થયેલ ભાવવાહી પ્રવચન તા.૨૪-૭-૧૯૯૮

**૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય છે. એમ સમજવું. (પત્રાંશ-૧૬૬)**

પહેલું વચન (છે) - ૧. **'માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી;...'** (આ) સિદ્ધાંત (કહ્યો). (હવે) માયિક સુખ એટલે શું ? કે, જે સુખ નથી પણ સુખ લાગે છે. તેને માયાવી સુખ કહે છે. માયિક સુખ કહે છે. એટલે કે જીવ સુખ સમજીને ઠગાય છે. તેને કહે છે-માયિક સુખ. ભ્રમ થાય છે.

મુમુક્ષુ :- દા.ત. ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ ! પંચેન્દ્રિયના વિષયો. દાખલામાં પંચેન્દ્રિયના વિષયો. પાંચ ઇન્દ્રિયના વિષયોની જીવને ઇચ્છા થાય છે. સારો સ્વાદ લેવાની. સારું જોવાની, સારું સુંઘવાની - સુગંધની, સારું સંગીત - કર્ણપ્રિય અવાજ સાંભળવાની અને પોતાને મનગમતો સ્પર્શ કરવાની. એ જે ઇચ્છા થાય છે એ સુખબુદ્ધિએ થાય છે. એની પાછળ અભિપ્રાય શું છે ? કે, મને આનાથી સુખ થાય છે. ખરેખર કોઈને સુખ થયું નથી, થતું નથી અને થવાનું પણ નથી. કેમ ? કે, જો સુખ થાય તો સુખની તૃપ્તિ થવી જોઈએ. પણ કોઈને તૃપ્તિ થતી નથી. અતૃપ્તદશાએ માનેલા સુખનો બધાં ત્યાગ કરે છે. શું કરે છે ? અતૃપ્તદશાએ જગતના સર્વ પ્રાણીઓ માનેલા સુખનો ત્યાગ કરે છે. ખાતા-ખાતાં ખાવાનો ત્યાગ કરે, સાંભળતાં-સાંભળતાં સાંભળવાનો ત્યાગ કરે છે કે નહિ ? સૂતાં-સૂતાં સૂવાનો ત્યાગ કરે છે. આરામ કરતાં-કરતાં આરામનો ત્યાગ કરે છે કે નહિ ? જો ખરેખર સુખ હોય તો શું કરવા છોડે ? વધારતો જાય... વધારતો જ જાય... જેમ જે Business માં (ધંધામાં) નફો થાય એનો (એ) Business માણસ વધારે છે કે નહિ ? તો સુખ થાય એ પ્રવૃત્તિ વધારે કે ઘટાડે ? એના બદલે (વધારવાને બદલે) બંધ કરે છે. એનો એ સ્પષ્ટ પુરાવો છે કે સુખ ત્યાં હતું નહિ પણ ધોખાબાજી (થાય છે). ભ્રમથી સુખ લાગ્યું એને માયિક સુખ અથવા માયાવી સુખ કહે છે.

એ સુખ, સુખ નથી એવી સ્પષ્ટ જ્ઞાનપૂર્વક (માયિક સુખનો અભિપ્રાય) છોડવાથી છૂટકો થાય છે. એટલે જીવના જન્મ-મરણના, પરિભ્રમણના સર્વ દુઃખના કારણો મટે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જ્યારથી એ સિદ્ધાંત સાંભળ્યો ત્યારથી, એમ કહે છે. **'જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.'** તે 'ક્રમ'નો અભ્યાસ કરવો જોઈએ. શું કીધું ? એમને એમ ત્યાગ કરી દેવો નહિ કે, ચાલો ! અમારે તો હવે સંન્યાસ લઈ લેવો છે. ત્યાગ કરીને ચાલ્યા જવું છે, ઘર છોડી દેવું છે, એમ નહિ. ક્રમથી Practice (અભ્યાસ) કરવી કે એ કેવી રીતે છૂટે ?

પ્રશ્ન :– ભાઈશ્રી ! જ્યારે પદાર્થને છોડીએ છીએ, તે સમયે તો અનુભવમાં દુઃખ લાગે છે માટે છોડીએ છીએ. જેમકે એક રસગુલ્લુ ખાધું (પછી) પાંચ રસગુલ્લા ખાઈએ છીએ તો એ સમયમાં અનુભવમાં તો દુઃખ લાગે છે, તો એ જે દુઃખનો અનુભવ થયો, ત્યારપછી પણ પોદાર્થ પ્રતિ જે સુખબુદ્ધિ રહી જાય છે, તે સુખનું (સુખબુદ્ધિનું) શું થયું ?

સમાધાન :– તેનું કારણ એ છે કે જે સુખાભાસમાં– જે સુખનો Concept-misconcept (મિથ્યા અભિપ્રાય) છે, તે એમને એમ રહી ગયો. તેમાં કોઈ ફેર ન કર્યો (પડ્યો) અને આપણી બુદ્ધિમાની ત્યાં ઠગાય છે. જ્યારે મારે (એ સુખ) છોડવું પડ્યું તો મેં સુખ માન્યું કેવી રીતે ? હું કેમ આની ઉપર વિચાર નથી કરતો ? આના ઊંડાણમાં કેમ જાતો નથી ? કોઈ જાતું નથી. વિષય બદલી લે છે. જેમકે સૂતાં-સૂતાં થાકી ગયો તબેસી જશે, બેઠાં-બેઠાં થાકી ગયો તો સૂઈ જશે. બન્નેમાં થાકી જશે તો ચાલવા લાગશે. ચાલતાં-ચાલતાં થાકી જશે તો આરામ કરશે. પરંતુ ત્રણેયમાંથી એક પણ અવસ્થામાં સુખ નથી, આનો વિચાર કોણ કરે છે ? જગતમાં આનો વિચાર કોઈ કરતું નથી. માટે આનું Solution (ઉપાય) મળતું નથી અને Problem (સમસ્યા) ત્યાં ને ત્યાં ઊભો રહી જાય છે.

'વિજ્ઞાન અને ધર્મ'વાળો જે Article (લેખ) છે ને, તેમાં મેં એક વાત લખી છે કે, જગતની અંદર કોઈપણ માણસને રોગ થાય છે અને દવા અસર કરતી નથી તો માણસ દવા બદલે છે. દવા બદલાવ્યા છતાં જો સારું ન થાય તો માણસ ડૉક્ટરને પણ બદલે છે. અહીંયાં એવું નથી કરતો. અહીંયાં સુખ નથી મળતું તો પણ એ સુખ લેવાનો જે પ્રકાર છે, જે વિધિ છે, જે રીત છે, એ રીત જીવ બદલતો નથી. કે મારી (સુખ પ્રાપ્ત કરવાની) રીતમાં જ કાંઈક ભૂલ લાગે છે. એવું વિચારતો જ નથી. એની એ રીત ફરીને લાગુ કરે છે... એની એ રીત ફરીને લાગુ કરે છે અને ફરીને એને સુખ મળતું નથી. પાછો ફરીને લાગુ કરે. આ વિચારશીલતા–બુદ્ધિમાની ક્યાંની ??

(આ વાત) વિચારવી જોઈએ કે, મારી ભૂલ થઈ રહી છે. મારી ક્યાંક ભૂલ થઈ રહી છે, મારે વિચારવું જોઈએ. (પરંતુ જીવ) વિચારતો નથી. તીવ્ર બુદ્ધિશાળી લોકો પણ નથી વિચારતાં. આ એક સંસારની Tragedy છે. માટે જીવનો–લોકોનો સંસાર છૂટતો નથી. આનું કારણ આ જ છે. સાચી દિશામાં કોઈ વિચાર નથી કરતાં. આ વાત ત્યાં (લેખમાં) ઉપસાવી છે.

તેનું એક કારણ એ છે કે, હું ભવરોગથી ગ્રસિત છું, આ પણ Concept (અભિપ્રાય) નથી. મનુષ્યભવ મળ્યો તો બહુ સારો મળ્યો. હવે મનુષ્યદેહને છોડવો જ નથી. તેવી જ રીતે વિષ્ટાનો કીડો થયો તો ત્યાં તેને તે ભવ છોડવો નથી !! જે ભવમાં જીવ જન્મ ધારણ કરે છે, ત્યાંની તે દશાને, તે અવસ્થાને તેહાલતને, તે પર્યાયને તે છોડવા માંગતો નથી એટલી પર્યાયબુદ્ધિ છે ! એટલી પર્યાયની રુચિ છે ! એટલી જીવને વર્તમાન અવસ્થાની રુચિ છે !! એને જ પર્યાયદષ્ટિ કહે છે, એને અજ્ઞાનદષ્ટિ કહે છે. એટલે એને વિચાર જ નથી આવતો. સુખનો Problem solve (સમસ્યાનું સમાધાન) થતો નથી અને અવાર-નવાર દુઃખી થાય છે, તોપણ જીવ સાચી દિશામાં વિચાર નથી કરતો.

આ તો જે મહાત્માઓ સુખી થયા, જે જ્ઞાનીઓ સુખી થયા, જે ભગવંતો સુખી થયા–એ બધી ભગવાનની કહેલી વાતો છે. જો માયિક સુખની સર્વ પ્રાકરની વાંછા...વાંછા એટલે ઇચ્છા, ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો નથી, એ સૈદ્ધાંતિક વાત છે. તો પછી તેને છોડવા માટે યથાર્થ સમજણ કરીને યથાક્રમે વાંછા છોડવાની વાત છે, પદાર્થ તો છૂટો જ પડ્યો છે. પદાર્થ આત્મામાં આવતો નથી. કોઈ જીવમાં કોઈ એક પરમાણુ ભળતો નથી. ગમે તેટલું પાણી પીવે તો પાણીનું એક બિંદુ જીવમાં આવતું નથી. ગમે તેટલો ખોરાક ખાય તો ખોરાકનો એક પરમાણુ જીવને મળતો નથી અને ગમે તેવા સારા રંગ-વર્ણ જોવાથી આંખમાં કોઈ રંગ આવતો નથી. (માત્ર) પ્રતિબિંબ પડે છે. અને કાને ગમે તેટલું સંગીત સાંભળે તો પણ આત્મામાં કોઈ સંગીતની સૂરાવલીનો પ્રવેશ થતો નથી. આત્માને કાંઈ મળતું નથી.

મળતું નથી છતાં મળતું હોવાનો Misconcept - ખોટો નિશ્ચય-આ દુઃખનું કારણ છે.

જીવને દુઃખ શેને લઈને ઉત્પન્ન થાય છે ? એના Causative factors શું છે ? એના ક્યા-ક્યા કારણો છે ? આની ઊંડી તપાસ થવી જોઈએ. નિદાન જો બરાબર થાય તો એનો ઇલાજ બરાબર થાય. જીવને 'દુઃખ' નામનો રોગ (થયો) છે. એ મટાડવાની (આ) વાત છે.ત્યારે એમણે (જ્ઞાનીપુરુષોએ) કહ્યું કે, તું એ વિષયમાં ઊંડો ઉતર !

આમ તો ડૉક્ટરી વિજ્ઞાન, વૈદકીય વિજ્ઞાન, હોમિયોપથીક, આયુર્વેદ એ (બધાં) બહુસ્પષ્ટ કહે છે - 'ભોગે રોગ ભયં' ભર્તૃહરિના શ્લોકમાં (આવે છે). પાંચ ઇન્દ્રિયના વિષયોના જેટલાં ભોગ-ઉપભોગ છે એ બધાં રોગનું કારણ છે. હોમિયોપથીમાં તો એ પાયાનો સિદ્ધાંત છે કે તમે રસથી બોજન કરો એ જ તમારા રોગનું કારણ છે. એ તો અધ્યાત્મમાં મળતી વાત આવે છે. જો તમે જમતી વખતે રસથી જમો કે મને બહુ ભાવે છે તો એ જ વખતે તમને અશાતાવેદનીય નામનું કર્મ બંધાય છે અને તેનો ઉદય આવે ત્યારે શરીરમાં કાંઈને કાંઈ રોગ ઉત્પન્ન થાય, થાયને થાય જ. (એટલે) એની પીડા તમારે ભોગવવી પડે. કેમકે ખાતી વખતે રસ લીધો છે. એટલે રોગનું દુઃખ લાગ્યા વગર રહેશે નહિ. શરીરને તમારે તંદુરસ્ત રાખવું છે પણ શરીર તંદુરસ્ત રહેવાનું નથી. નહિ રહેવાનું કારણ તમે પોતે જ છો કે તમે રસથી ખાધું છે. એટલે એ વિષયનું જે Science છે - જે વિજ્ઞાન છે, તેનું અજાણપણું હોવાથી, એ વિષયમાં પોતે અજ્ઞાત હોવાથી ગમે તેમ પ્રવર્તે છે અને દુઃખી થાય છે.

એટલે એમ કહ્યું કે જ્યારથી તે વાત સાંભળી ત્યારથી જ ઇચ્છાનો અબાવ કેમ થાય ? અને આત્માનું જે મૂળ સ્વરૂપ છે - અસલ સ્વરૂપ છે, તાત્ત્વિક સ્વરૂપ છે એ નિરિચ્છક સ્વભાવ છે, એ કેમ પ્રગટ થાય ? ક્યા ક્રમથી એમાં આગળ વધવું જોઈએ ? એટલે (કે) યોજનાબદ્ધ રીતે-વ્યવસ્થિત રીતે એમાં–એ દિશામાં કેવી રીતે આગળ વધવું. એની Practice - એનો અભ્યાસ કરવો જોઈએ અને તે અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું. પહેલાં એમ સમજવું અને પછી તેની Practice કરવી. એ પહેલું વચન થયું.

હવે, તો મોક્ષનું કારણ છે કે નહિ ? (તે સમજીએ). માયિક સુખને સાચું સુખ માનવું તે બંદનું કારણ છે, કર્મ બંધનનું કારણ છે. તેને સાચું સુખ માનવાથી તેનાં ફળ ભોગવવા પડશે. (હવે) તે સાચું સુખ નથી–એમ માનવાથી એ વિષયનો પ્રતિબંધ અટકી જશે. સુખ નહિ લાગે (એટલે) તમે મુક્ત થઈ જશો ! વાત પૂરી થઈ ગઈ. પ્રતિબંધ નહિ આવે. (એટલે કે) એ જોઈએ જ... એ જોઈએ જ, એ વાત નહિ રહે. એના વગર નહિ ચાલે, એ વાત નહિ રહે. કેમકે (એમાં) સુખ નથી. સુખ તો નથી (પણ) એ દુઃખનું કારણ છે. એવું તમારું જ્ઞાન કામ કરશે. એટલે ઉદાસીનતા આવ્યા વગર રહેશે નહિ.

મુમુક્ષુ :– લાગવાને અને અભિપ્રાયને સીધો સંબંધ છે ? આ જે લાગવું થાય છે, એવો મિથ્યા અનુભવ થાય છે–તેને અને અભિપ્રાયને સીધો સંબંધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– તેનાથી (લાગવાથી) અભિપ્રાય બંધાય છે. Feelng છે તે એક અનુભવ છે અને અનુભવજ્ઞાન એક નિશ્ચય ઉપર આવે છે તેનું નામ અભિપ્રાય છે. અભિપ્રાય કોઈ વિચારીને ઘડે છે, કોઈ અનુભવથી ઘડે છે. અનુભવથી (જે) ઘડાય છે એ એવો દઢ હોય છે કે જાતો નથી. વિચારથી ઘડાયેલો અભિપ્રાય ભૂંસાઈ જાય છે. અનુભવથી ઘડાયેલો અભિપ્રાય ભૂંસાતો નથી. ચાહે સવળો હોય કે ચાહે અવળો હોય–બન્નેમાં એ સિદ્ધાંત લાગુ પડે છે. અવળો અભિપ્રાય વિચારપૂર્વક હોય તો પણ ભૂંસાઈ જતા વાર ન લાગે. સવળો અભિપ્રાય વિચારપૂર્વક હોય તો પણ ભૂંસાઈ જતા વાર ન લાગે. પણ બન્નેમાં અનુભવ હોય તો એમાં દઢતા આવી જાય. પછી સુખાભાસને લીધે અવળો અભિપ્રાય થયો હોય તો એ મૂકવો મુશ્કેલ છે–છૂટવો મુશ્કેલ છે અને સાચા જ્ઞાનથી સવળો અનુભવ થાય તો એ તો Everlasting છે–(કાયમી છે), એ તો ક્યારેય ભૂંસાય નહિ. એવો વિષય છે.

પ્રશ્ન :– જે ભાવમાં આકુળતા છે એ ભાવ

આકુળતારૂપ લાગે ત્યાં સુખનો નિશ્ચય ન જ હોય, એવું બને ?

સમાધાન :- હા, ત્યાં સુખનો અભિપ્રાય છૂટી જશે. સુખનો અભિપ્રાય અનાદિથી છે, આકુળતાવાળા ભાવમાં પણ સુખનો અભિપ્રાય અનાદિથી છે. જીવનો Mis-concept છે એ અનાદિથી છે. પણ જો તેમાં આકુળતા લાગે તો એ અભિપ્રાય બદલાઈ જશે. એટલે જ આપણે લઈએ છીએને કે દરેક વિભાવમાં વિકલ્પમાત્રમાં દુઃખ લાગવું જોઈએ. જ્યારે જ્ઞાનીના વચનમાં એ વાત છે કે વિકલ્પમાત્રમાં દુઃખ લાગવું જોઈએ ત્યારે પહેલો વિચાર એમ આવવો જોઈએ કે, મને એવું થતું નથી. મને કોઈ વિકલ્પો સારા લાગે છે ને (એમાં) સુખ લાગે છે. કોઈમાં તીવ્ર આકુળતા થાય ત્યારે દુઃખ થાય છે. જેમકે કોઈ તીવ્ર ગુસ્સો આવ્યો, કોઈ તીવ્ર મૂંઝવણ થઈ ત્યારે દુઃખ લાગે છે. (પણ) જ્ઞાની ના પાડે છે કે, નહિ, વિકલ્પમાત્રમાં દુઃખ લાગવું જોઈએ. તો એ વચનના સ્વીકાર અર્થે પોતાના પ્રત્યેક વિકલ્પમાં તેનું અવલોકન ચાલુ થવું જોઈએ. આ કેમ મારી ભૂલ થાય છે ? આ મારી અનુભવની ભૂલ છે. વિકલ્પમાં જે મને સુખ લાગે છે. જે કોઈ વિકલ્પમાં (સુખ લાગે છે) એ મારી અનુભવની ભૂલ છે. એ અનુભવની ભૂલ જ્યાં સુધી ન નીકળે ત્યાં સુધી સુખબુદ્ધિ નહિ મટે. એમ છે.

મુમુક્ષુ :- એનો રસ્તો તો એ અંદર તપાસવું રહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકનના Stage (ભૂમિકા) સુધી આવવું જોઈએ. (અને) સીધું કોઈ અવલોકનનના stage સુધી આવી ન શકે એટલે મૂંઝવણ થવાની. એ મૂંઝવણ વેદનાને લઈ વે તો સાચી, વેદનાને ન લઈ આવે તો ખોટી. ઉપર ઉપરની મૂંઝવણ (વેદના ન લાવે). એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી ! અનુભવની ભૂલથી જે અભિપ્રાય ઘડાયેલો છે, અનુભવથી જે દૃઢ નિશ્ચય થયો એનાથી ઊંધો અભિપ્રાય ઘડાય ગયો. હવે એને ટાળવા માટે વિચાર તો નિષ્ફળ ગયો. તો પછી એને અનુભવથી Check, કરીને જ તોડી શકે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવને તપાસે તો જ જાય. એ વગર જાય નહિ, હવે થાય છે શું ? કે, જે અનુભવમાં રસ આતો હોય એમાં તપાસવાનું જ્ઞાન તો રહે નહિ. એમાં તમારા Mis-concept ને લઈને તમને રસ પડ્યો. એ વખતે તમારું જ્ઞાન તપાસણીનું કામ તો કરી શકવાનું નથી. હવે શું કરશો તમે ? તમે સમજ્યા તો ખરા કે, અનુભવની ભૂલ અનુભવને તપાસવાથી નીકળે (મટે). પણ જ્યારે અનુભવને તપાસવાનો પ્રસંગ આવે ત્યારે જ તમે તપાસી ન શકો એવી સ્થિતિમાં હો, તો શું થાય ? તમને રસ પડે એટલે તમે તપાસવની સ્થિતિમાં હો નહિ. કરો શું તમે ? એ ભૂલ કેવી રીતે કાઢી શકો ? એ ભૂલ મટાડવાની તમારી કોઈ પરિસ્થિતિ હોતી નથી.સમજો ગમે તેટલું, સમજવું એક વાત છે કામ કરવું બીજી વાત છે. એટલા માટે એની યોજના ઘડી છે. એ યોજનાબદ્ધ રીતે-વ્યવસ્થિત રીતે કામ કરો, તો કામનો ઉકેલ આવે. ઊભાંગડે કામ કરો તો કામ કોઈ દિવસ સફળ થાય નહિ.

ઊભાંગડે સમજાય છે ? નહિ ? (ઉભાંગડે) એટલે Hafazard - (એટલે) તમે Management (વ્યવસ્થા)ની જે પદ્ધતિ છે, તનાથી તમે કામને Manage કરો તો કામ સફળ થાય છે. અને Without management - hafazard - કોઈ પણ કામ ગમે તે રીતે કરી લો, કોઈ વ્યવસ્થા વિના, (તો) કેવી રીતે કામ સફળ થશે ? કામ તો કામની રીતે થશે.

જેમકે Account છે. હવે કોઈ માણસ એવો છે કે જેને Account ની System આવડતી નથી. તે Account લખવા બેસશે તો તેને તકલીફ વધી જશે. Account ની ેઈ વ્યવસ્થા તો બેસશે નહિ પણ તે એટલી બધી મુંઝવણમાં આવી જશે કે તેને બહાર નીકળવું મુશ્કેલ થઈ જશે. ઊલટાનો માણસ ગૂંચવાય જાય.

અમારે એવું થયું હતું. મંદિરની પ્રતિષ્ઠા થઈ પછી એક ભાઈ હે કે, ıવો, બધું મને આપો. હું Account તૈયાર કરી દઉં. એને Account આવડે નહિ. એટલો

ગૂંચવાડો ઊભો કર્યો કે એ પોતે મૂંઝાઈ ગયા. (કહે કે) 'આમાં મને કંઈ સળ સૂઝતી નથી.' હવે, તમને Account આવડતુ નથી, તમારું કામ નથી. આપણે બધી ચીજ-વસ્તુ ખરીદી હોય ને એટલે બિલનો થોકડો હોય, થોકડાબંધ (બિલ હોય). હવે, એમાં કોઈ બિલ Unpaid હોય (ચૂકવ્યું ન હોય). કોઈ Paid (ચૂકવ્યું) હોય, કોઈ semipaid (અર્ધું ચૂકવિયુ હોય-અર્ધું બાકી હોય), હવે જો Accountની વ્યવસ્થા ન આવડે તો એ ત્રણને કેવી રીતે વ્યવસ્થિત કરવા એ કાંઈ સમજી ન શકે. કરી ન શકે, ઊલટાનો ગૂંચવાય અને ગૂંચવીને એવી વાત મૂકે કે જેને Account આવડતું હોય તેને તો

એકડે એક–ફરીથી જ બધું કરવું પડે. તેનામાંથી તો કાંઈ કરી જ ન શકે. કારણકે તેણે બધું ગૂંચવીને મૂક્યું હોય. સૂતર ગૂંચવાયા જેવું થાય. ઊલટાની મુશ્કેલી પડે. સૂતરનો ફાળકો ઉકેલતા ન આવડે અને જ ગૂંચી પડી જાય તો ઊલટાની મુશ્કેલી પડે. એના જેવું છે. સમજણના વિષયમાં એવું છે.

જો તમારી સમજણ વ્યવસ્થિત ન હોય તો તમે ઊલટાની મુશ્કેલીમાં આવો, અવ્યવસ્થિત સમજણને કારણે. એટલા માટે અહીંયાં એમ કહ્યું કે તે ક્રમનો અભ્યાસ કરવો. એમને એમ વસ્તુનો ત્યાગ ન કરવો. એમને એમ છોડી દેવાની વાત નથી.

એક દાખલો લઈ લઈએ. એક માણસને મીઠાઈ બહુ ભાવે છે. હવે, તેણે સાંભળ્યું કે મીઠાઈ હિ ખાવી જોઈએ (કેમકે રસ આવે છે) અને રસનો (તો) ત્યાગ કરવો જોઈએ. મને જે રસ આવે છે તે છોડી દેવો જોઈએ. તો (તેણે) મીઠાઈ છોડી દીધી. (હવે) ખાવાો રસ અને અભિપ્રાય તો એમને એમ જ પડ્યો છે અને વૃત્તિનું દમન કર્યું (પરંતુ) તેનાથી કોઈ ફાયદો થાતો નથી. એ દબાયેલી વૃત્તિ ગમે ત્યારે ઉછાળો મારશે. રોગ છે તે મૂળમાંથી ન મટ્યો હોય (અને) ઉપરથી પાટાપિંડી કરો તો અંદરમાં તોબધી ગડબડ ભરી છે. તો બીજી જગ્યાએ ગડબડ થવાની છે. આ વાત છે.

મુમુક્ષુ :– આ જે દૃષ્ટાંત આપ્યો, જો ત્યાગ નથી કરવાનો તો સમજણ કેવી હોવી જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :– રસનો ત્યાગ કરવો જોઈએ. રસ કેવી રીતે તૂટે ? તેની સમજણ કરીને તેનો પ્રયોગ કરવો જોઈએ. પહેલાં રસ તોડવાનો પ્રયત્ન કરવો જોઈએ, વસ્તુના ત્યાગનો નહિ. વસ્તુનો તો એવાં અનંત જન્મ-મરણની તલવાર માથે લટકે છે, એ Problem ની ચિંતા કેમ તમને થતી નથી ? અહીંથી (આ ચિંતાથી) શરૂઆત થવી જોઈએ. જ્યાં સુધી, અનંત જન્મ-મરણ અને પરિભ્રમણ–ચાર ગતિના દુ:ખોની ચિંતા ન થાય ત્યાં સુધી યથાર્થ ઉદાસીનતા આવીને કોઈ રસવૃત્તિમાં ફિક્કાપણું-પાતળાપણું આવે નહિ. રસનો અભાવ તો પછીની વાત છે, પણ પહેલાં ફીકો તો પડે. ત્યાંથી શરૂઆ એટલા માટે લીધી છે.

## પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો જન્મ મહોત્સવ આનંદ-ઉલ્લાસપૂર્વક સંપન્ન

ભાવી તિર્થાધિનાથ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના મહાપુરાણના પાત્ર પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીનો ૧૦૨ મો જન્મ મહોત્સવ તા.૧૯-૫-૨૦૧૩ થી ૨૧-૫-૨૦૧૩ પર્યંત સુવર્ણપુરી તીર્થધામસ્થિત 'ગુરુ-ગૌરવ' સ્મારક ભવનમાં અત્યંત આનંદથી ઉજવાયો. આ પ્રસંગે બહારગામથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પધારીને ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો.

તા. ૨૧-૫-૨૦૧૩ના દિવસે પારણાઝુલન, જન્મ વધામણા, ભક્તિ આદિ કાર્યક્રમો થયા.

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

મહા આનંદના કંદથી - નિજ સ્વરૂપથી બીજું શું અધિક છે ? કે જેને છોડી તું અન્યને ધ્યાવે છે ? (અનુ. પ્રકાશ) (૮૬)

❁

જીવ વ્યર્થ જ પર ચીજને પોતાની માની માનીને જૂઠી હોંશ કરે છે - પુદ્‌ગલનો રસ લે છે, પરને મુખ્ય કરે છે. ભ્રમણાથી જૂઠી કલ્પનામાં રાચી ખુશી થાય છે. ત્યાં પોતાના સ્વરૂપની સાવધાનીનો અંશ પણ નથી. પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં નીચ પદમાં સ્વપણું માની વ્યાકુળ થઈ રહ્યો છે. તેવી સ્થિતિમાં ચૈતન્યરસ ઉત્પન્ન થઈ શકતો નથી. (અનુ. પ્રકાશ) (૮૭)

❁

વ્યવસાયાદિમાં જોડાવું પડતું હોય ત્યારે તેમાં ઉત્સાહ / રસ ન વધે તેવી જાગૃતિ / સાવધાની રહેવી ઘટે છે. જેથી નિવૃત્તિ કાળે તે તે ઉદય ભાવનો રસ નડે નહિ. (૮૮)

❁

આત્માર્થી જીવને જે કાંઈ કરવું છે, 'તે સર્વ કાંઈ આત્માર્થે જ કરવું છે' તેવી બુદ્ધિ (અભિપ્રાય) પૂર્વક તેની સર્વ પ્રવૃત્તિ હોય છે. ઉક્ત અભિપ્રાયની દ્રઢતાને લીધે અંતરલક્ષમાં નિજહિતની જાગૃતિ વિશેષપણે ઉત્પન્ન હોય છે. તેથી પરભાવથી ભિન્નતાનું કાર્ય સાવધાનીપૂર્વક થવાની અહીં / અંદરમાં સુગમતા થાય છે. આવી ભાવ ભૂમિકામાં 'સ્વરૂપનો નિર્ણય' સંશોધક જીવ કરે છે. જે તે ઉદયમાં સર્વ સંસારી જીવો અનુકૂળતા / પ્રતિકૂળતાને મુખ્યતા આપીને વેદનમાં વળગેલા પડયા છે તે પ્રકારથી અટકી જઈને, આત્માર્થી જીવ, ઉદયમાં ઇષ્ટ-અનિષ્ટપણાથી નિવર્તતો અર્થાત્ નિવર્તવાના પુરુષાર્થમાં લાગેલો છે. નિજહિતની અપૂર્વ લગનીથી લાગેલો છે. તેને અવશ્ય નિજહિત થશે જ. (૮૯)

❁

પરપદાર્થમાં સુખના અનુભવને 'ભ્રાંતિ' જાણવી, તે ભ્રાંતિરૂપદશાને રોગ - મહારોગ જાણવો. (૯૦)

❁

દુઃખ – એ કલ્પનામાંથી ઉત્પન્ન થયેલ ભાવ છે. વસ્તુના સ્વરૂપજ્ઞાનના આધારે દુઃખની ઉત્પત્તિ થતી નથી. વળી, નિજસ્વરૂપમાં તો દુઃખ છે જ નહિ. તે તો અનંત આનંદમય છે. પરંતુ જીવ, આનંદમય એવા સ્વ-સ્વરૂપના વિસ્મરણથી - બેભાનપણાથી - કોઈપણ પ્રકારે કલ્પનામાં ઘેરાઈ જઈને દુઃખનો અનુભવ કરે છે. અર્થાત્ ભ્રમથી પોતાને દુઃખી માનીને દુઃખનો અનુભવ કરે છે. (૯૧)

❁

'સ્વભાવે હું પૂર્ણ / પરથી નિર્દોષ / પવિત્ર છું. અંશમાત્ર દોષ થવાનો મારામાં અવકાશ નથી'–એવા નિજ અવલોકનમાં - પર્યાયમાં વિકારાંશ હોવા છતાં - (અંતર્મુખના ધ્યેયમાં) વિકારના કરવાપણાનો કે ટાળવાપણાનો અભિપ્રાય રહેતો નથી. - તોપણ ટળતો વિકાર જ્ઞાનમાં પરજ્ઞેયપણે પ્રતિભાસે છે. (૯૨)

અન્ય જીવો અને પુદ્‌ગલોની ચિત્ર-વિચિત્ર અવસ્થાનું નિમિત્ત પામીને જગતમાં જીવો રાગ-દ્વેષ / ઈષ્ટ અનિષ્ટરૂપ

ભાવો કરે છે. - જ્યારે સમ્યક્જ્ઞાનમાં, અંતર્મુખનું ધ્યેય (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિ) વર્તતું હોવાને લીધે તે તે પરદ્રવ્યની પર્યાયો માત્ર જ્ઞેયરૂપે પ્રતિભાસે છે. જ્ઞાન તટસ્થ - જ્ઞાતા ભાવે રહે છે. ધ્યેયની અર્થાત્ ધ્રુવ સ્વરૂપની મુખ્યતા રહે છે. તેથી અન્ય જ્ઞેયો ગૌણ પણે જણાય છે. - આ વીતરાગી જ્ઞાનકળા છે - અબંધ પરિણામ છે, પરિણામની આવી ચાલ થવી / ઢળક થવી, પરિણમનશીલતા થવી, એવો જ જેનો મૂળ સ્વભાવ છે; તેવા ગુણ નિધાન મહા પવિત્ર નિજ આત્મદેવને અભેદ ભક્તિએ નમસ્કાર !! (૯૩)

❁

સાધક દશામાં 'સ્વભાવ સર્વથા / અત્યંત ઉપાદેય'–એવો ભાવ વર્તે છે. ત્રિકાળીની ઉપાદેયતામાં / મુખ્યતામાં પર્યાયની ગૌણતા સહજ રહે છે. તેથી પર્યાયમાં વિકારાંશ છે (તેને ટાળવાનો હોવા છતાં) તેની આકુળતા / મુખ્યતા નથી. પરંતુ અંતર્મુખના વેગમાં વિકાર આપોઆપ ટળતો જાય છે. તેમ જ્ઞાન રહે છે–આ પ્રકારે કાર્યસિદ્ધિ છે. (૯૪)

❁

'સ્વપદનું પરમેશ્વરરૂપ (અંતર્મુખ થઈ) અવલોકતાં, વર્તમાનમાં જ પોતે પરમેશ્વરૂપ છે. અહો ! અવલોકન માત્રથી પરમેશ્વર (થવાય) થાય. એવી અવલોકના ન કરે તો, પોતાનું નિધાન પોતે લૂંટાવી - દરીદ્રી થઈ ભટકે છે અને ભવવિપત્તિને વ્હોરે છે !' ('અનુભવ પ્રકાશ')

સ્વાનુભવમાં 'પોતે શાશ્વત પરમાત્મા છે' તેવો પ્રત્યક્ષ અનુભવ થાય છે. ત્યારે હું રાગ અને સંયોગના આધારે જીવનારો છું તેવી ભ્રાંતિ મટી જાય છે. ભાવ દરીદ્રપણું મટી જાય છે. ત્યારે ચારગતિનું ભટકવું–મટી જાય છે. ચારે ગતિની વિપત્તિઓ / દુઃખો, માત્ર અજ્ઞાનભાવથી વહોરતો હતો તે મટી જાય છે. (૯૫)

❁

'ઉદયમાં સાવધાની' જીવને બહિર્મુખ થવાનું કારણ છે.–આત્મ-સ્વભાવની સાવધાની જીવને અંતર્મુખ થવાનું કારણ છે અર્થાત્ ઉદયમાં સાવધાની રહેતાં સ્વમાં એકત્વ થઈ શકે નહિ અને જે સ્વમાં સાવધાન છે તેને પરમાં એકત્વ થતું નથી. (૯૬)

❁

સત્-શ્રુત (શ્રવણ) થવાં છતાં, ઉદય કાળે સાવધાનીમાં ફેર પડે નહિ - તો શ્રવણ થયું જ નથી. ભાવપૂર્વક શ્રુતથી પર પ્રત્યેની સાવધાનીમાં ફેર પડે જ, (સાવધાની) મોળી પડે જ–તેવા ભાવ(થી) શ્રવણ વિના આત્મભાવનું, સ્વરૂપલક્ષે, સ્વરસથી ઘોલન થાય નહિ, જેથી મુમુક્ષુ જીવને આત્મપ્રાપ્તિ - સત્‌ની પ્રાપ્તિની ઇચ્છા હોય તો પણ સફળ થવાતું નથી. આ વારંવાર વિચારવા - અવગાહન કરવા યોગ્ય છે. જેથી આત્માર્થતા ઉત્પન્ન થાય. (૯૬-A)

❁

આત્માર્થીજીવનું જીવન / પરિણમન 'આત્મલક્ષ' પૂર્વક હોય છે; તેથી ચાલુ પરિણમનમાં ઇષ્ટ-અનિષ્ટપણું થતાં, તેમાં (પોતાનો) વિભાવ રસ ઉત્પન્ન થાય છે, તેને તેનું અવલોકન - સૂક્ષ્મ અવલોકન રહે છે. આ અવલોકનના કારણે કષાયરસની માત્રા વધી શકતી નથી. પરંતુ ઘટતી જાય છે. અર્થાત્ કષાયરસ મંદ પડતો જાય છે. જ્યારે આત્મલક્ષે વિભાવરસ ગળે ત્યારે સમકિતની પૂર્વ ભૂમિકા તૈયાર થાય છે, જેમાં દર્શનમોહ મંદ થાય છે. જ્ઞાન પણ સ્વરૂપની ઓળખાણ કરી શકે તેવું નિર્મળ થાય છે, ધીરું અને ગંભીર થાય છે અને સ્વભાવની જાગૃતિ ઉત્પન્ન થાય છે. તેમજ અધ્યાત્મના સમ્યક્ ન્યાયોમાં રસ / રુચિ વૃદ્ધિગત થાય છે – અને અનંત નય (ન્યાય) ના અધિષ્ઠાતા સ્વ-દ્રવ્યનું ગ્રહણ સુલભ થાય છે.

જે શાસ્ત્રોનું ભણતર કરવાં છતાં પણ આત્માર્થી નથી, તેને પરિણમનમાં વિપરીતતાનો વેગ ઘણો છે, તેનો દર્શનમોહ બળવાન છે અને જ્ઞાનનો ક્ષયોપશમ ઘણો હોવા છતાં તેનું જ્ઞાન સ્થૂળ છે. જેથી તે ચાલતા પરિણમનમાં કષાયરસનું અવલોકન કરવા સમર્થ નથી - જાગૃત પણ નથી. જો કે મૂળમાં ત્યાં આત્મલક્ષ નથી.

તેથી એમ ફલિત થાય છે કે, સ્વરૂપ લક્ષી યથાર્થ પુરુષાર્થમાં વિભાવરસ – અવરોધક તત્ત્વ હોવાથી - તેનું જાણવું - અવલોકન થવું આવશ્યક છે.

અહીં, જાગૃતિ એટલે 'હું જ્ઞાનમાત્ર છું' તેવી અંતર સાવધાની–એમ જાણવું - સમજવું. શબ્દાર્થની સમજણ કરતાં, ભાવના અનુભવને અવલોકવામાં જ્ઞાનને લંબાવી ને સમજવું. (૯૭)

❁

પૂર્ણતાને લક્ષે શરૂઆત કરનાર - ઉપાડ કરનાર જીવને, વર્તમાન ચાલતા પ્રગટ પરિણામમાં, જ્ઞાનક્રિયામાં, જ્ઞાન સ્વભાવનું (ગુણના ગુણનું) અવલોકન પૂર્વક સંશોધન ચાલતાં, તેમાં કષાયના અભાવ સ્વભાવનું ભાસન થાય છે અર્થાત્ (જ્ઞાન) 'હું નિરાકુળ સુખરૂપ સદાય છું'–તેમ નિર્ણય થાય છે, તેમાં પોતાના અનંત જ્ઞાન અને અનંતસુખનો પ્રતિભાસ છે. જેથી સ્વરૂપનો અપૂર્વ મહિમા 'જ્ઞાનમાં' ઉપજે છે અને લક્ષ ત્યાંથી ખસતું નથી. આવા લક્ષપૂર્વક સ્વભાવના મહિમા સહિતનું ઘોલન તીવ્ર આત્મરસને ઉત્પન્ન કરે છે. ત્યાં સૂક્ષ્મ વિકલ્પ છે, તો પણ તેના ઉપર લક્ષ નથી-તેની ઉપેક્ષા રહે છે, ત્યાં સંયોગોની ઉપેક્ષા તો સહજ જ છે. ધ્યેયભૂત સ્વ-સ્વરૂપ ઉપર વારંવાર 'આ હું'–એમ ઉપયોગની ભીંસ જાય છે - સહજ જાય છે. આ રીતે સહજ પુરુષાર્થ, સહજ ભેદજ્ઞાનની અહીંથી શરૂઆત થઈ, સ્વાનુભવમાં પરિણમી જાય છે. આ પ્રકારે સ્વરૂપની સાચી ઓળખાણ થતાં, જગતનાં પદાર્થો અને શુભભાવનો મહિમા (જે અનાદિથી હતો તે) મટે છે. અપૂર્વ અતિન્દ્રીય સુખની તુલનામાં બાહ્ય ભાવો–દ્રવ્યો દુ:ખના કારણપણે - નિમિત્તપણે જણાય છે. પુન્યનો ઉદય તુચ્છ ભાસે છે. (૯૮)

❁

આત્માને ઓળખવા વિષે :

* આત્મા ઉપયોગ લક્ષણવંત છે.

* લક્ષણ લક્ષ્ય - સ્વભાવથી સદશ અને વસ્તુપણે અભેદ છે. તેની પ્રસિદ્ધિ સ્વસંવેદનથી છે. ઓળખાણ થતાં, લક્ષ્યની મુખ્યતા અને લક્ષણની ગૌણતા સહજ થઈ જાય છે. લક્ષ્યની મુખ્યતામાં આખી વસ્તુ (પ્રમાણના વિષયરૂપ વસ્તુ) ટકીને પરિણમતી દેખાય છે. તેથી દ્રવ્ય, ગુણ, પર્યાયનો આભાસ / કલ્પના થતી નથી. સ્વભાવ સન્મુખતામાં આત્મસ્વરૂપ નિરાવરણ / પ્રગટ છે, તેમ જણાય છે. 'આ હું પ્રત્યક્ષ આવો - સિદ્ધસ્વરૂપી–છું', તેવા ભાસનથી, આત્મવીર્યની સ્ફુરણા થઈ આવે છે અને (જેમ જેમ) આત્મ આશ્રયનું બળ વધતું જાય છે, તેમ તેમ જ્ઞાન સ્વરૂપને સુસ્પષ્ટપણે ગ્રહે છે, સાથે સાથે આત્માના બીજા ગુણો પણ સહજ ખીલતા જાય છે. જેટલો પુરુષાર્થ ઉગ્ર તેટલી શુદ્ધિ વિશેષ અને ઝડપી - આવું વસ્તુ સ્વરૂપ છે. વસ્તુ - સ્વરૂપ મહાઆશ્ચર્યકારી, અનુપમ અને અદ્ભુત છે. (૯૮-A)

❁

કેવળજ્ઞાનમાં વિસ્મયનો અભાવ છે. કારણકે એક પ્રથમ સમયમાં ત્રણ કાળ - ત્રણ લોક જણાઈ ગયા છે. તેથી કોઈ દ્રવ્યની કોઈ પર્યાય વિષે - આમ કેમ ? એવો વિસ્મય ભાવ ઉત્પન્ન થતો નથી. આવા કેવળજ્ઞાન સ્વભાવને વર્તમાન શ્રદ્ધા - જ્ઞાનમાં જેણે ઝીલ્યો છે, તેવા સમ્યક્દૃષ્ટિ જીવને પણ શ્રુતજ્ઞાનમાં વિસ્મયનો અભાવ છે. ભાવશ્રુતજ્ઞાનમાં પણ ત્રણકાળ-ત્રણલોકને પરોક્ષપણે જાણવાની શક્તિ છે. તેથી સમ્યક્શ્રુત પણ સ્વભાવથી ગંભીર અને અચંચળ છે. બીજા જીવોની અને પુદ્ગલોની અનેક ચિત્ર-વિચિત્ર અવસ્થા જણાવા છતાં ક્ષોભ

ન થવા પાછળ આ સિદ્ધાંતનું ગ્રહણ છે. (૯૯)

❇

આ સિદ્ધાંત છે કે 'જેણે આત્મા જાણ્યો' તેને બીજા કોઈપણ આત્મા પ્રત્યે વૈરબુદ્ધિ હોય નહિ; ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ નહિ, કારણકે સમ્યક્જ્ઞાનમાં બીજા અજ્ઞાની જીવનું સામાન્ય સ્વરૂપ મુખ્ય રહે છે. અને તેની દોષિત અવસ્થા ગૌણપણે જણાય છે. પોતાના આત્મા જેવું જ સર્વ આત્માઓનું સ્વરૂપ - ગુણધામ છે. તેવા જ્ઞાનમાં ગુણ – સાગર પ્રત્યે વૈરબુદ્ધિ કેમ થાય ? (૧૦૦)

❇

જે જીવને સંયોગની પ્રતિકૂળતાનો ડર - ભય છે, તે સંયોગની અનુકૂળતાનો ઇચ્છુક છે. જે જીવને અપમાન / અપકીર્તિનો ભય છે; તે જગતની આબરૂ - કીર્તિનો કામી છે.

પરમાં ઇષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિથી - જીવ ઉદયમાં સાવધાન રહ્યા કરે છે. તેથી ઉદયભાવથી નિવૃત્ત થઈ શકતો નથી, છતાં બાહ્યમાં સંયોગ-વિયોગ તો પૂર્વ કર્મના ઉદય અનુસાર છે. જેનું કારણ પૂર્વે કરેલાં જીવના (પોતાના) શુભાશુભ પરિણામ છે. જે પરમાર્થે દુઃખરૂપ છે. વિચારવાન જીવ તો તેનાં (શુભાશુભના) નાશનો ઉપાય કરે છે, તે વાસ્તવિક દીર્ઘ દૃષ્ટિ છે અથવા સત્ય દૃષ્ટિ છે. ટૂંકી દૃષ્ટિમાં જીવ માત્ર વર્તમાન પ્રવૃત્તિમાં (ઉદય ફેરવવામાં) રત રહે છે. તેથી શાશ્વત તત્ત્વ પ્રત્યે તેનું ધ્યાન જતું નથી. (૧૦૧)

❇

વર્તમાન પર્યાયમાં વિકારભાવ વર્તતો હોવા છતાં, 'હું વર્તમાનમાં જ પરિપૂર્ણ શુદ્ધ છું'. એવી અપૂર્વ દૃષ્ટિ મૂળ સ્વરૂપ સત્તાને ગ્રહે - તે સ્વરૂપ દૃષ્ટિનું કાર્ય છે. (૧૦૧-A)

❇

પર્યાય લક્ષે, 'નિર્વિકલ્પ થવું છે' તેવી ઇચ્છાથી નિર્વિકલ્પ થવાતું નથી; પરંતુ 'હું સ્વભાવથી નિર્વિકલ્પ જ છું અને સ્વયં સ્વસંવેદનપણે પરિણમવાનો જ મારો સ્વભાવ છે. - સ્વભાવથી અન્યથા થવું અશક્ય છે.' તેમ સ્વ આશ્રય થતાં કાર્ય થાય તેવી વસ્તુ સ્થિતિ છે. (૧૦૨)

❇

સ્વરૂપના યથાર્થ ભાવભાસનમાં પરિણમન ઉપર બહુ ઊંડી અસર થાય છે :–

* લક્ષ : જ્ઞાનમાં સ્વરૂપનું લક્ષ બંધાઈ જાય છે. ત્યારથી જ્ઞાન સ્વરૂપ લક્ષી થઈ જાય છે. જ્ઞાનના લક્ષમાંથી સ્વરૂપ ભૂંસાતુ નથી અને પરલક્ષ મટે છે.

* રુચિ : રુચિ અનન્યભાવે સ્વરૂપ પ્રત્યે જાગૃત થઈ જાય. આ ગુણની રુચિ છે. વિભાવ/ અવગુણ પ્રત્યે અરુચિ થાય છે.

* પુરુષાર્થ : ચૈતન્ય વીર્યની સ્ફુરણા થાય છે. વારંવાર સ્વરૂપનો - સ્વરૂપ પ્રત્યયી - વેગ ઉત્પન્ન થઈ આવે છે. પુરુષાર્થની દિશા બદલાય છે. જે અપૂર્વ છે.

* સ્વરસ : સ્વરૂપના અત્યંત રસવાળું ઘોલન રહ્યા કરે છે.

* મહિમા : અસાધારણ મહિમાવંત સ્વરૂપનો, અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે અને જગતનો મહિમા ઊડી જાય છે. જગતના કોઈ પદાર્થનો મહિમા આવતો નથી - રહેતો નથી. સ્વરૂપ સન્મુખના પરિણામ રહે છે.

* અહો ! નિજ જિનપદથી અધિક બીજું શું હોય શકે ?

* અનંત સુખનો ભંડાર પોતામાં / અંતરમાં છે ત્યાં વૃત્તિનું વલણ થઈ જાય છે.

* ગુણનિધિ સ્વરૂપનો પત્તો લાગતાં અપૂર્વ... અપૂર્વ ભાવોનું વહેણ શરૂ થાય જ ને ! લક્ષના કારણથી

ઉત્પન્ન જ્ઞાનમાં આનંદના ફૂવારા ફાટે છે.-પૂ. ગુરુદેવશ્રી (પરમાગમસાર – ૫૧૬) (૧૦૩)

❇

અતિન્દ્રીય એવું આત્મસ્વરૂપ, ઇન્દ્રિય જ્ઞાનનો વિષય નથી, કોઈપણ પ્રકારનો (મંદ કષાયરૂપ) રાગનો વિષય પણ આત્મા બિલકુલ નથી; આત્મસ્વરૂપ, મનના વિકલ્પ - ચિંતન ગમ્ય પણ નથી જ. પરંતુ માત્ર અંતર્મુખ જ્ઞાનમાં ગ્રહણ થાય તેવું છે; તેથી કેવળ અંતર્મુખ ઉપયોગ કર્તવ્ય છે. વિકલ્પ - રાગના સદ્ભાવમાં પણ વિકલ્પની આડ વગર જ્ઞાન સીધું સ્વરૂપને - નિજને ગ્રહે - તે અંતર્મુખતા છે. તેમાં આત્મા જ્ઞાનગોચર - વેદનગોચર થાય છે. (૧૦૪)

❇

'दंसण मूलो धम्मो' - આ શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યનું ગંભીર વચનામૃત - સૂત્ર સિદ્ધાંતરૂપ છે. દર્શન અર્થાત્ શ્રદ્ધાન. આત્માના સર્વ અનંત ગુણોમાં - આ ગુણની વિશિષ્ટતા દર્શક આ સૂત્ર છે. તેમાં ઘણી ગંભીરતા છે. વાસ્તવિકપણે 'દર્શન' પ્રાપ્ત - અનુભવી મહાત્મા તેનો યથાતથ્ય અનુભવ કરે છે. કારણ વચન અગોચર તેમાં ઘણું છે. જે દર્શન શક્તિથી મોક્ષમાર્ગનો અંકુર ફુટે છે, સર્વ ગુણાંશ સ્વયં સમ્યક્ થાય છે, જે એવા પ્રકારે મૂળ અંગરૂપે પરિણમતાં - વર્તતા, મોક્ષમાર્ગ વૃદ્ધિગત થઈ, સંપૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ અનિવાર્યપણે થાય જ થાય છે. જેને લઈને સિદ્ધ ભગવંતો સિદ્ધ પર્યાયમાં અનંતકાળ ટકે છે. તે दंसण - મૂળ ધર્મ / કલ્યાણમૂર્તિ સમ્યક્ પ્રકારે સેવવા યોગ્ય છે. આ એક ગુણ એવો છે કે જે શરૂથી સદા પોતાની પૂરી - અનંત શક્તિથી પરિણમે છે અને અન્ય સમસ્ત ગુણોની નિર્મળતા થવામાં/ વધવામાં નિમિત્ત થાય છે. (૧૦૫)

❇

આત્માનુભવી પુરુષો દ્વારા પ્રવાહિત થયેલાં વચનો અર્થાત્ સત્શાસ્ત્રો અનુભવરસથી લખાયેલાં હોવાથી, તેમાં અનુભવનું ઊંડાણ હોય છે. તે વચનોને અનુભવનો દષ્ટિકોણ મુખ્ય રાખી અવગાહન કરવા યોગ્ય છે; નહિ તો તેમના ભાવો-વાચ્ય, જ્ઞાનગોચર થઈ શકે નહિ. અનુભવનો દષ્ટિકોણ લાગુ કરવાથી ભાવ ભાસે. શાસ્ત્રવાંચનની રીત પણ ઊંડી અને રહસ્ય યુક્ત છે. પરલક્ષી ઉઘાડવાળું સ્થૂળ જ્ઞાન, તેથી જ શાસ્ત્રના મર્મ સુધી પહોંચતું નથી. વળી પરલક્ષી ઉઘાડ-પંડિતાઈ-વિદ્વતા સાથે, અભિમાન સ્વચ્છંદ વિ. દોષ સહજ જન્મ પામે છે. તેથી પણ તેનાથી ગુણ થતો નથી. આત્માર્થીને શબ્દાર્થ—ભાવાર્થ થી સંતોષાઈ જવાનું થતું નથી - પરંતુ તે અનુભવની કળા માટે અત્યંત જીજ્ઞાસુ રહે છે. (૧૦૬)

❇

## નવેમ્બર - ૧૯૮૫

બોધકળા : નિજ શુદ્ધ જીવાસ્તિકાયમાં અહંબુદ્ધિ થવી, અભેદભાવે લક્ષ રહ્યા કરવું. આ પ્રકારે બળવાન પરિણામ થતાં, ઉપયોગ શુદ્ધ થાય. (૧૦૭)

❇

પ્રશ્ન : જ્ઞાનીને કોણ ઓળખે ?

ઉત્તર : જ્ઞાની, જ્ઞાનીને ઓળખી શકે, પોતાના અનુભવ ઉપરથી, જેની વાણીમાં, અનુભવ રસ વ્યક્ત થાય છે; દષ્ટિ, પુરુષાર્થ વગેરે પ્રકારથી પણ સાધક દશાની ઓળખાણ થાય છે. અનેક વિધ અધ્યાત્મ ભાવો ઓળખવાની નિર્મળતા જ્ઞાનીને હોવાથી, તે અન્ય જ્ઞાનીને ઓળખે છે. સમ્યક્ શ્રુત જ્ઞાનમાં ઘણું સામર્થ્ય છે. તે સિવાઈ - 'મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લ્યે છે.'-(શ્રીમદ્) તે વચન અનુસાર પાત્ર જીવને પણ જ્ઞાનીની દશાની અંતર્ પ્રતીતિ ચોક્કસ પણે આવી શકે છે. જેમ દર્દી પોતાના રોગના નિદાન વગેરે પ્રકારે વૈદ્યના જ્ઞાનને

સમજી શકે છે. તેમ મુમુક્ષુ જીવ, (ભવરોગના નિદાનાદિ જ્ઞાનના પ્રકારથી) માર્ગનો શોધક જીવ, માર્ગ દેખાડનારના અનુભવ જ્ઞાનની સત્યતાનો નિર્ણય કરી, ઓળખી શકે છે. નિઃશંક થઈ શકે છે. (૧૦૮)

❇

આત્મભાવના : સર્વોત્કૃષ્ટ, પરમ શાંતરસમય, સમરસ - સ્વભાવી, અનંત સુખધામ, કેવળ અંતર્મુખ, સ્વયં અભેદ સહજ અનુભવરૂપ છું. (તેથી સમસ્ત પરમાં ઉપેક્ષા સહજ છે). (૧૦૯)

❇

જગતના સમસ્ત પરપદાર્થ પ્રત્યેથી આકર્ષણ છૂટી જાય અને એકમાત્ર સ્વ-સ્વરૂપનું જ ખેંચાણ રહ્યા કરે, તેવું પરમ અદ્ભુત, આશ્ચર્યકારી, અનંત મહિમાવંત આત્મસ્વરૂપ છે. અરે ! પૂર્ણ કેવળજ્ઞાનાદિ પર્યાયની પણ જેને અપેક્ષા નથી, તેવું પરમ નિરપેક્ષ આત્મસ્વરૂપ છે. આવા નિજ સ્વરૂપની એકાકાર ભાવનાવાનને પણ અન્ય કાંઈ અપેક્ષા ન રહે. આવા નિજ સ્વરૂપની દૃષ્ટિ વિના, અન્ય દ્રવ્ય-ભાવમાં મુખ્યતા થાય - સ્વરૂપ-દૃષ્ટિમાં તો પોતે 'સ્વરૂપમાત્ર' - 'જ્ઞાયકમાત્ર' (હું), સિવાઈ અન્ય કાંઈ છે જ નહિ. (૧૧૦)

❇

જે સ્વસન્મુખ ભાવમાં આત્મસ્વરૂપ પ્રગટ - સહજપ્રત્યક્ષરૂપ છે તે ભાવમાં પ્રત્યક્ષતા સહિત (સાથે) અભેદતા સધાય છે, તેથી તે ભાવમાં પરોક્ષપણાનો સહજ અભાવ થાય છે; અર્થાત્ ત્યાં અદ્વૈતભાવે અતિન્દ્રિય પ્રત્યક્ષપણે વર્તે છે. તેથી ભાવમાં નિજરસ - આત્મરસ ઉત્પન્ન થાય છે. અહો ! અનંત શાંત સુધા સાગરનો પરમ આદરભાવ - એ જ મહા વિવેક છે. પરમપદનો વિવેક / આદર થવામાં અન્ય વિકલ્પ શું ?

પરમાત્મપદ પ્રત્યેના ઉલ્લાસિત વીર્યથી દર્શન શુદ્ધિ છે વા સર્વ સિદ્ધિ છે. (૧૧૧)

❇

કારણ શુદ્ધ પર્યાયનું સ્વરૂપઃ

:૧: પ્રત્યેક વર્તમાનમાં કાર્ય-શુદ્ધ પર્યાયના કારણપણે તૈયાર-મોજૂદ એવું અનંતગુણોના અભેદભાવનું 'સ્વાકારભાવે' ધ્રુવત્વ, તે કારણ શુદ્ધ પર્યાય છે, જે દ્રવ્યના અનંત સામર્થ્યને દર્શાવે છે, તે આ રીતે :-

જે ધ્રુવના વર્તમાનને અવલંબતા કેવળજ્ઞાનાદિ પૂર્ણ શુદ્ધતા પ્રગટે તો દ્રવ્યનું ત્રિકાળી સામર્થ્ય કેટલું અનંત અને ગંભીર !!

:૨: સમુદ્રના પાણીનું મોજાની સપાટીવાળું અસ્થિર દળ પૂરું થતાં નીચે સ્થિરદળ શરૂ થાય છે. તે સ્થિર દળની ઉપરની સપાટીના દૃષ્ટાંતે, પર્યાયના ઉત્પાદ-વ્યયથી પાર ઊંડે - અંતરમાં-અન્વયરૂપ વર્તમાન ધ્રુવત્ત્વને અવલોકવું, અવલંબવું.

:૩: જીવના ત્રિકાળી સ્વરૂપમાં, કેવળજ્ઞાનાદિ પૂર્ણ શુદ્ધ પર્યાયોના કારણરૂપ ત્રિકાળ રહેલી પર્યાય પરિણમન શક્તિનું વર્તમાન તે કારણ શુદ્ધ પર્યાય છે.

શ્રીમદ્ પદ્મપ્રભમલધારી દેવે તેને પૂજિત પંચમભાવ પરિણતિ કહેલ છે / સમાદર કરેલ છે. (૧૧૨)

❇

સવિકલ્પ દશામાં, જે કાળે નિજ અભેદ નિર્વિકલ્પ ચૈતન્ય સ્વરૂપનો 'યથાર્થ નિર્ણય' થાય છે, ત્યારે નિર્વિકલ્પ સ્વરૂપની અત્યંત મુખ્યતા વર્તે છે તેથી - તે જીવનો નિર્વિકલ્પ દશાનો કાળ પાકી ગયો છે. કેમકે તે હવે વિકલ્પમાં અટકશે નહિ, તેને વિકલ્પની મુખ્યતા નહિ રહે; હવે તે શીઘ્ર વિકલ્પને વમી નાખશે અથવા તેના વિકલ્પ હવે શીઘ્ર વમાઈ જશે. નિર્વિકલ્પ શુદ્ધાત્માનો ભાવનામાં અને જ્ઞાન લક્ષણથી જ્ઞાનમાં યથાર્થ નિર્ણય કર્યો, તેને નિર્વિકલ્પતાનો અવસર આવી ગયો છે. (૧૧૩)

વિધિ : અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી જોતાં, જીવને માત્ર જ્ઞાનનો - સામાન્યનો–જ અનુભવ છે. ત્યાં જોરથી સ્વપણું થતાં અનેક જ્ઞેયાકારો અને પર્યાયત્વ ગૌણ થાય છે; ને 'સ્વભાવનો આશ્રય' લક્ષના કારણથી થઈ જાય છે. સ્વભાવના આશ્રયમાં દ્રવ્ય પર્યાયના ભેદ સહજ નિરસ્ત થઈ જાય છે. કારણકે સ્વભાવ દ્રવ્ય-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે. સ્વભાવે અનઉભય સ્વરૂપ છે. (૧૧૪)

❁

વિભાવથી / રાગથી જ્ઞાનની ભિન્નતાના પ્રયોગ દ્વારા ભેદજ્ઞાન પ્રથમ અંતરંગમાં થવું ઘટે છે; કે જેમાં જ્ઞાનની મુખ્યતા દ્વારા જ્ઞાનથી જ્ઞાનનું એકત્વ થાય છે. એક સમયની પ્રગટ શુદ્ધ પર્યાય - ત્રિકાળી સ્વભાવથી ભિન્ન હોવા છતાં, સ્વયં સ્વભાવને અવલંબે છે. વિભાવની જેમ તે ભાવનો પણ ક્ષય કરવાનું પ્રયોજન નથી. માત્ર અવલંબનનું (આશ્રયનું) સ્થાન તે શુદ્ધ પર્યાય નથી - તેટલું જ પ્રયોજન છે. તેથી રાગનું અવલંબન (સ્વભાવના અવલંબને) છૂટવાનું પ્રથમ કર્તવ્ય છે.–આ વિધિ ક્રમ છે. વિધિ-ક્રમમાં ફરક થતાં માર્ગ બદલાઈ જાય છે અથવા મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. મિથ્યાદૃષ્ટિને શુદ્ધ પર્યાય પ્રગટેલી ન હોવાથી, તેને તેથી ભિન્ન પડવાની વિધિનો પ્રારંભ કરવાનો પ્રશ્ન નથી. (૧૧૫)

❁

પરલક્ષી શાસ્ત્રનું ક્ષયોપશમ જ્ઞાન પણ પ્રાયઃ બાધક થાય છે. આ પ્રકારના જ્ઞાનના વિકાસમાં, આત્માની શુદ્ધતાનો વિકાસ માનવો કે આત્મજ્ઞાનનો વિકાસ માનવો, તે ભ્રમ છે. સ્વલક્ષે થયેલ શાસ્ત્ર અધ્યયન યથાર્થ જ્ઞાનનું કારણ થાય છે. પરલક્ષી જ્ઞાનમાં, શુષ્કતા અથવા અભિમાન અથવા સ્વચ્છંદ આદિ દોષની સંભાવના રહે છે. (૧૧૬)

લૌકિક સમાજની તો નહિ, પરંતુ 'ધાર્મિક સમાજમાં પ્રતિષ્ઠા, કીર્તિ મળે તો ઠીક' - તેવી અપેક્ષા રાખે તેવો આત્માર્થી નથી. પ્રતિષ્ઠા - કીર્તિની અપેક્ષા થતાં આત્માર્થીપણું ન રહે. તેવો 'આત્મા' નથી–ખરેખર તો વિકાસ પામતી અવસ્થાની પણ સ્વરૂપમાં (ને) અપેક્ષા નથી. જ્યાં સર્વોત્કૃષ્ટ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે ત્યાં શુદ્ધ પર્યાય ઉપર પણ દૃષ્ટિ નથી - તેને બીજી કોઈ (બીજા કોઈની) અપેક્ષા કેમ હોઈ શકે !! (૧૧૭)

❁

વર્તમાન આખા ભવ પ્રત્યે (તીવ્ર મુમુક્ષુ) જ્ઞાની ઉદાસ છે. એક આત્માની જ અપેક્ષિત વૃત્તિ થઈ ગઈ હોવાથી અન્ય સર્વ ઉપેક્ષાનો વિષય સહજપણે થઈ જાય છે. તેથી જ્ઞાની ભવ-ઉદાસી છે. ઉદય પ્રસંગો તો ભવના પેટાભેદ છે, તેથી તેમાં તન્મયતા થતી નથી. 'મનુષ્યપણું તે મારૂં સ્વરૂપ નથી, પરવસ્તુ છે; તેથી હેય છે.' ત્યાં ઉદયની ઉપાધિ ઉત્પન્ન થતી નથી. ઉપાધિ સહિતપણામાં દુઃખ છે અને ઉપાધિ રહિતપણામાં સુખ છે. તેથી જ્ઞાની સુખી છે. તેમને પોતાનો સુખસ્વભાવ પણ 'અનુભવ પ્રત્યક્ષ' છે. તેથી બહારના ખેંચાણરૂપ આકુળતા નથી. (૧૧૮)

❁

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જૂન–૨૦૧૩નું) શુલ્ક દમયંતીબેન લક્ષ્મીચંદ જૈન (૦૯૩૨૨૨૬૨૪૭૦)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય તે વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

વેદનાસમુદ્‌ઘાતમાં જીવના પ્રદેશો શરીરની બહાર નીકળી જાય છે અને શરીરની બહાર વેદન આવે છે; તો કોઈ જીવ, તેના ઉપરથી પણ શરીરથી (આત્માના) ભિન્નપણાના વિચારમાં ઉતરીને કામ કરી શકે છે. (૫૬૮)

❁

પ્રશ્ન :- શાસ્ત્રમાં આત્માને ભેદાભેદ સ્વરૂપ કહ્યો છે; અને આપ તો આત્માને અભેદ કહો છો; તો એમાં આપનું શું પ્રયોજન છે ?

ઉત્તર :- પ્રમામજ્ઞાનની અપેક્ષાએ આત્માને ભેદાભેદસ્વરૂપ કહેવામાં આવે છે. પરંતુ વાસ્તમાં સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા તો અભેદ જ છે; કારણ કે સમ્યગ્દર્શનનો વિષય ભેદ નથી. તેથી ભેદાભેદના લક્ષથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી, માત્ર અભેદના લક્ષથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, એ જ આશય છે. (૫૮૧)

**માર્ગદર્શન :-**

❁

પ્રશ્ન :- અનુભવ થયા પછી પરિણામમાં મર્યાદા આવી જાય છે ને ? વિવેક થઈ જાય છે ને ?

ઉત્તર :- વિવેકની વાત એક બાજુ રાખો. એકવાર વિવેકને છોડી દો (પર્યાયની સાવધાની છોડી દો) પરિણામમાત્ર હું છું જ નહિ, હું તો અવિચળ ખૂંટો છું. મારામાં ક્ષણિક અસ્તિત્વ છે જ નહિ. વિવેકને બહાને પણ જીવ પરિણામમાં એકત્વ કરે છે. (૬૮)

❁

વિચાર મંથન પણ થાકી જાય, શૂન્ય થઈ જાય, ત્યારે અનુભવ થાય છે. મંથન પણ છે તો આકુળતા. એકદમ તીવ્ર ધગશથી અંદરમાં ઉતરી જવું જોઈએ. ૭૨.

❁

બસ એક જ વાત છે કે 'હું ત્રિકાળી છું' એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવાવાળી થાઓ – યોગ્યતાનુસાર થઈ જાય છે. હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય, ન હોય, યાદ રહે, ન રહે, પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ. (૮૧)

❁

કંઈ કરે નહિ તો ગમે નહિ તેવી ટેવ (કર્તાબુદ્ધિ) થઈ ગઈ છે. પરંતુ કંઈ કરે તો ગમે નહિ એમ હોવું જોઈએ. (૮૪)

❁

જ્યાં સુધી ડૂબકી અંદરમાં (આત્મામાં) નથી મારતો ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. (૮૬)

❁

ખરેખર વાત તો એમ છે કે સાંભળવાથી જે મહિમા આવે છે, તે નહિ, પણ અંદરથી સહજરૂપે (સ્વનું) મહાત્મ્ય આવવું જોઈએ. (બહારમાં) તીવ્ર થાક લાગે તો અંદરથી જ આવે છે. ૧૦૨.

❁

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– ઉપદેશમાં એમ આવે કે પોતાના નાના અવગુણને પર્વત જેવડો ગણવો અને બીજાના નાના ગુણને મોટો કરીને જોવો. વળી એમ પણ આવે કે પર્યાયની પામરતાને ગૌણ કરીને પોતાને પરમાત્મ સ્વરૂપે જોવો. આવા બંને કથનનું તાત્પર્ય શું છે ?

સમાધાન :– ચૈતન્યદ્રવ્ય–કે જે અખંડ, પરિપૂર્ણ અને શાશ્વત છે–તેની દૃષ્ટિ કરવી અને પર્યાયમાં અધૂરાશ છે તેનું જ્ઞાન કરવું. સાધક દશામાં દૃષ્ટિ અને જ્ઞાન સાથે હોય છે. દ્રવ્યદૃષ્ટિએ હું પૂર્ણ છું, હું અનાદિ-અનંત પરિપૂર્ણ પ્રભુતાસ્વરૂપ છું–આ રીતે પ્રભુતાસ્વરૂપ આત્માને લક્ષમાં રાખીને, પર્યાયમાં હું અધૂરો છું, તેમ અધૂરાનું જ્ઞાન સાધકને રહે છે. પર્યાયમાં પુરુષાર્થ કેમ થાય ? સ્વરૂપમાં લીનતા કેમ થાય ? સ્વાનુભૂતિની વિશેષ વિશેષ દશા કેમ થાય ? અંદરમાં જ્ઞાયકની પરિણતિ વિશેષ કેમ થાય ? તે માટે હું પર્યાયમાં પુરુષાર્થ કરું. પર્યાયમાં હું પામર છું અને વસ્તુસ્વભાવે હું પૂર્ણ છું. આમ સાધક દશામાં દૃષ્ટિ ને જ્ઞાન સાથે જ રહે છે. દૃષ્ટિએ પૂર્ણ છું અને પર્યાયમાં અધૂરો છું તે બેય સાથે હોય છે.

વળી બીજાના ગુણ જોવાથી પોતાને લાભનું કારણ થાય છે અને બીજાના દોષ જોવા તે નુકસાનનું કારણ થાય છે. માટે બીજાના ગુણને મુખ્ય કરીને તેના દોષને ગૌણ કરે છે. પોતાને પુરુષાર્થ કરવો છે, માટે પોતાના અલ્પ દોષ ઉપર પણ નજર છે ને મારે પુરુષાર્થ કરવાનો ઘણો બાકી છે એમ જાણે છે. પોતે પોતાના દોષને લક્ષમાં લઈને ગુણને ગૌણ કરે છે. બીજાના દોષ જોવામાં અટકવું તે સાધકનું કર્તવ્ય નથી. દરેક વસ્તુ સ્વતંત્ર પરિણમે છે. જ્ઞાયકનો જ્ઞાતાસ્વભાવ છે, માટે જ્ઞાતારૂપે જાણ્યા કરવું. પોતાની સાધક દશામાં પોતાના ગુણને ગૌણ કરી, જે દોષ હોય તેને–અધૂરાશને–મુખ્ય કરી, મારે હજી ઘણું કરવાનું બાકી છે એમ પોતે જોવે છે, તે જાતનો પુરુષાર્થ કરે છે. તે બીજાના ગુણને મુખ્ય કરે છે ને દોષને ગૌણ કરે છે. કેમકે બીજાના દોષ સાથે તેને કાંઈ પ્રયોજન નથી અને પોતે પોતામાં આગળ વધવા માટે તેના ગુણને ગ્રહણ કરે છે. પોતે સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકીને હું સ્વભાવે પૂર્ણ છું એમ સ્વીકારીને પોતાના દોષ, બીજાના ગુણ ગ્રહણ કરે છે. બાકી તો પોતામાં કેટલીક અલ્પતા છે, તે અલ્પતા પર લક્ષ દઈને પુરુષાર્થ કેમ થાય ? વીતરાગ કેમ થવાય ? મારી સાધક દશા કેમ આગળ જાય ? એવી જાતની તેને ભાવના રહે છે. અને તેથી પોતાના ગુણ ગૌણ કરી પોતાના દોષને જોવે છે.

આત્માર્થીઓને પણ તે જ પ્રયોજન રાખવાનું છે. બીજાના ગુણ ગ્રહણ કરવા, પણ દોષ ગ્રહણ કરવા નહિ. બીજાના દોષને ગૌણ કરીને તેના ગુણને મુખ્ય કરીને ગ્રહણ કરે, પોતે ક્યાં ભૂલે છે, પોતે ક્યાં અટકે છે, એમ પોતાના દોષ ઉપર દૃષ્ટિ મૂકીને પુરુષાર્થને આગળ વધારે. પોતે સ્વભાવે પૂર્ણ છે તેનો પોતે ખ્યાલ રાખે અને પોતાને પુરુષાર્થ કરવાનો ઘણો બાકી છે તેવી અંદર ખટક રાખે.

મુનિઓ પણ વીતરાગ કેમ થાઉં ? એવી ભાવનાપૂર્વક પંચ પરમેષ્ઠીઓના ગુણો ઉપર દૃષ્ટિ મૂકીને આગળ જાય છે. સાધક મુનિરાજ જેઓ સાધના કરી પૂર્ણ થયા તેની ભક્તિ કરી અને પોતાના પુરુષાર્થની દોરી પોતાના શુદ્ધાત્મા તરફ જોડી આગળ જાય છે. માટે કરવાનું આ જ છે. કરવાનું એક-શુદ્ધાત્મામાં જવું તે જ છે.

આચાર્યદેવ કહે છે કે તને અમે આગળ વધવાનું કહીએ છીએ, તીસરી ભૂમિકામાં જવાનું કહીએ છીએ એટલે અશુભમાં જવાનું કહેતા નથી, પણ તીસરી ભૂમિકા કહીને આગળ વધવાનું કહીએ છીએ. તીસરી ભૂમિકામાં–નિર્વિકલ્પ-દશામાં-ઠરી જવાતું ન હોય અને ઉપયોગ બહાર આવે તો શુભભાવો-પંચ પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ, ગુણગ્રાહીપણું તે બધું આવે છે અને પોતાના દોષ જોવા તરફ દૃષ્ટિ (લક્ષ) જાય છે. તેથી પોતાના પુરુષાર્થની દોરી વધારીને આગળ જાય છે. પોતે દ્રવ્યે પૂર્ણ હોવા છતાં પર્યાયમાં અધૂરાશ છે એવો તેને ખ્યાલ રહે છે. તે કારણે પુરુષાર્થની ગતિ વિશેષ લીનતા તરફ જોડે છે અને આનંદની અનુભૂતિની દશા તથા ચારિત્રની દશાની વિશેષ વૃદ્ધિ કરે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૩૪)**




૨૪૭

મુંબઈ, વૈશાખ વદિ ૮, રવિ, ૧૯૪૭

**'ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે; જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ. હરિઇચ્છા સુખદાયક માનીએ છીએ. એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ. ચિત્તની અવ્યવસ્થાને લીધે મુહૂર્તમાત્રમાં કરી શકાય એવું કાર્ય વિચારતાં પણ પખવાડિયું વ્યતીત કરી નખાય છે, અને વખતે તે કર્યા વિના જ જવા દેવાનું થાય છે. બધા પ્રસંગોમાં તેમ થાય તોપણ હાનિ માની નથી, તથાપિ આપને કંઈ કંઈ જ્ઞાનવાર્તા દર્શાવાય તો વિશેષ આનંદ રહે છે; અને તે પ્રસંગમાં ચિત્તને કંઈક વ્યવસ્થિત કરવાની ઇચ્છા રાખ્યા કરાય છે, છતાં તે સ્થિતિમાં પણ હમણાં પ્રવેશ નથી કરી શકાતો. એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે; અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામાં હરિનો પરમ અનુગ્રહ કારણ છે એમ માનીએ છીએ. એ જ નિરંકુશતાને પૂર્ણતા આપ્યા સિવાય ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહીં થાય એમ લાગે છે.'**

આ પત્રમાં, સમ્યક્ મોક્ષમાર્ગમાં પ્રવેશ્યાં પછી છ-સાત માસ જેટલાં અલ્પ સમયમાં જ ચિત્તની દશા ચૈતન્યમયપણે કેટલી તારતમ્યતાથી વર્તી રહી છે, તેનો ચિતાર પ્રદર્શિત થયો છે. ઉગ્ર ચૈતન્યમયતાને કારણે બાહ્ય કાર્યો અવ્યવસ્થિત થઈ ગયા છે, તો પણ સંયોગોનું મમત્વ કે સ્વામિત્વ નહિ હોવાથી તેની ચિંતા થતી નથી; પરંતુ સમાધાન રહે છે કે કુદરતના ક્રમમાં જેથવા યોગ્ય હશે તેમ થશે, તેથી જ ઉપાધિયોગે પણ સમાધિયોગનું સ્થાન લીધું છે તેથી ઉપાધિનું દુઃખ ગૌણ છે. સ્વરૂપમય પરિણતિને લીધે બાહ્ય કાર્યોની સાવધાની છૂટી જવાથી સામાન્ય કાર્યો જે અલ્પ સમયમાં કરી શકાય તે કાર્યોમાં ઘણા દિવસો લાગી જાય છે અથવા ઉદાસીનતા વૃદ્ધિગત થવાથી અનેક કાર્યો છોડી દેવાનું પણ બને છે.

જો કે પરમ સખા શ્રી સૌભાગ્યભાઈ સાથે જ્ઞાનવાર્તામાં વિશેષ આનંદ રહે છે (ઉપાધિ લાગતી નથી), તો પણ હમણાંની દશા વિશેષ આત્મામય હોવાથી જ્ઞાનવાર્તાની બાહ્યપ્રવૃત્તિમાં પણ પ્રવેશ કરી શકતો નથી. જ્ઞાનવાર્તાની ઇચ્છા કાર્યગત થતી નથી તેવી ચિત્તની દશા નિરંકુશ થઈ ગઈ છે. આ દશા વિશેષને કૃપાળુદેવ પોતે નિજ પરમાત્માનો અનુગ્રહ ગણે છે અને આવી પૂર્ણ નિરંકુશતા પ્રાપ્ત થયે જ પૂર્ણ તૃપ્તિ થશે તેમ સમજે છે.

**'અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઈ જવાને લીધે કોઈ કામમાં જેવો જોઈએ તેવો ઉપયોગ રહેતો નથી, સ્મૃતિ રહેતી નથી, અથવા ખબર પણ રહેતી નથી, તે માટે શું કરવું ? શું કરવું એટલે કે વ્યવહારમાં બેઠાં છતાં એવી સર્વોત્તમ દશા બીજા કોઈને દુઃખરૂપ ન થવી જોઈએ, અને અમારા આચાર એવા છે કે વખતે તેમ થઈ જાય. બીજા કોઈને પણ આનંદરૂપ લાગવા વિષે હરિને ચિંતા રહે છે; માટે તે રાખશે. અમારું કામ તો તે દશાની પૂર્ણતા કરવાનું છે, એમ માનીએ છીએ; તેમ બીજા કોઈને સંતાપરૂપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી. બધાના દાસ છીએ, ત્યાં પછી દુઃખરૂપ કોણ માનશે ?.... પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.'**

પરમ કૃપાળુદેવની ચિત્તની દશા વિશેષપણે ચૈતન્યમય થઈ જવાથી બાહ્ય કાર્યમાં સહજપણે ઉપયોગ લાગતો નહિ હોવાથી, તેમ જ વિસ્મૃતિ થઈ જતી હોવાથી, તે કારણને લીધે બીજા કોઈને દુઃખરૂપ ન થવાય તો સારું તેવી લાગણી, સંબંધમાં આવનાર જીવ પ્રત્યે રહે છે; તેમ છતાં બીજાને સારું લગાડવાનું તેમાં લક્ષ નથી, તે કામ કુદરતનું છે. પોતાનું કામ તો દશાની પૂર્ણતા પ્રાપ્ત કરવાનું છે, તેથી તેમ કરવા જતાં બીજા કોઈને જાણ્યે-અજાણ્યે પણ અમારાથી સંતાપ થાય તો વિનમ્રપણે તેમના દાસત્વને પ્રગટ કરીને, કોઈને દુઃખ નહિ લાગે, એ પ્રકારે સમાધાન કર્યું છે; તેમ છતાં બીજા જીવોના પરિણામસંબંધી પોતાની નિરુપાયતા છે. ત્યાં વિશેષ ચિંતા ન કરતાં તે બધું કુદરત આધીન છોડીને સ્વરૂપની સાવધાનીમાં રહેવાનો અભિપ્રાય છે અને એક ક્ષણ પણ નિજ પરમાનંદસ્વરૂપ હરિનું વિસ્મરણ કરવું નહિ–આ આશયથી જ સર્વ પુરુષાર્થ/પ્રવૃત્તિ થઈ રહી છે. અહીં તેઓશ્રીની દશામાં નિર્દોષતા અને પવિત્રતાના દર્શન થાય છે.